સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૨૭ / શુમારો : ૧

કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

મોહર્રમ-સફર ૧૪૩૭ / ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૫

# ફૈઝ જારી છે.

ખુદાતઆલાનો શુક્ર કરીએ છીએ, એનો હઝારહા એહસાન માનીએ છીએ કે, તેએ અપને હક્કના દીનના નજાતના સફીનામાં બેસનારા કરેલા છે. આ નૂરાની સફીનું-કિશ્તી રૌઝે અવ્વલથી જારી છે. લાખો વરસથી લાખો ઈન્સાનોને નજાત અપાવી છે. જ્યાં તક દુનિયામાં ઈન્સાનોનો વુજૂદ છે ત્યાં તક આ સફીનાની કાર્રવાઈ ચાલુ રહેશે. આ કિશ્તીના રૂબ્બાન-કપ્ટાન ખુદાના દાઈ ડૂબનારાઓને ઉગારે છે, ગરક થાનારાઓને બચાવે છે, ગુમ્રાહીના અંધારાથી ભરેલા આ દુનિયાના દરિયા માંથી તારવીને સાહિલે કુદસ અને કિનારએ નૂર તરફ પહોંચાડી દે છે. શું શાન છે કિશ્તી પર સવાર થાનારની અને શું શરમંદગી છે કિશ્તી પર સવાર ન થઈને હમેશા વાસ્તે જાન ગુમાવનારની!

આ કિશ્તી તે તો છે કે, જેને અપના હુસૈન, ઈમામે આલી મકામ મદીનાથી કરબલા લઈને ગયા. કિશ્તીવાલા કરબલાઈઓ નજાતના રસ્તે લાગી ગયા. ફાની દુનિયાની રાહતની રાહને ભુલીને હક્કતઆલાના દીનને ખાતિર ફિદા થાવા હુસૈની દામનને પકડીને એવી રાહ પર જાવા નિકલી ગયા કે, જે રાહ જન્નતની રાહ હતી અને તેને બતાવવા મૌલા હુસૈન (અ.સ.) શહાદતની શમ્અ લઈને ઉભેલા હતા. મોહર્રમુલ હરામના અશરહ મુબારકહમાં મુમેનીનની જમાઅતમાં હુસૈની દાઈ સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આ કિશ્તીની ઝિક્ર કરીને હુસૈની ઈમાનદારોને હુસૈની મજલિસમાં આવવાની દાઅવત દે છે અને ફરમાવે છે કે, “એવો કોઈ અમલ છે કે જે અમલ તમને જન્નત ખરીદીને આપે? એવો કોઈ ગમ છે જેને અપનાવવાના સબબ તમેં તમારો ગમ ભુલી જાવ? એવી કોઈ ઝિક્ર છે કે જે ઝિક્રને સાંભલીને કેયામત તક દુનિયાના લોગો આહોઝારી અને માતમ કરશે? **અય મુમેનીન! તમેં યાદ રાખો કે, આ અમલ, આ ગમ અને આ ઝિક્ર સૈયેદુશ શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ની બરકતો અને ઈનાયતો છે જે ને કોઈ વક્ત ફના નથી.”**

તમામ મખ્લૂકાતમાં ખુદાતઆલાએ ઈન્સાનને અલફી કામતમાં યાઅની ઊભા આકારમાં પૈદા કીધેલો છે. તેને સીધો ટટ્ટાર બનાવેલો છે. તે સીધો રહે, સીધી રાહને પસંદ કરે, સીધા અમલનો શૌક કરે અને આલમે બાલાની તરફ સીધો ચઢી જાય એવી ગરઝ છે. જેમ તમામ મખ્લૂકાતમાં ઈન્સાન અશરફ છે, તેમ તમામ ઈન્સાનોના દરમિયાન એક ઈન્સાન એવા છે કે, જે તમામ નાપાકીઓ અને કુદૂરતોંથી પાકો સાફ છે. તેથી જ કરીને તે સાહેબ ફરિશ્તાઈ ફૈઝને કુબૂલ કરે છે. આમ ઈન્સાનોમાં તે દરજામાં બલંદ મકામ હાસિલ કરે છે. આ ફૈઝની મદદથી તે સાહેબ પોતાને માનનારા તમામ સઘલાને રાહે રાસ્તની તરફ દોરવે છે અને દાઈની ફરઝ અદા કરીને હક્કતઆલાના દીનની દાઅવતને કાઈમ કરે છે. મુમેનીનને પોતાની દાઅવતના સફીનએ નજાતમાં સવાર થાવાનો, દાખિલ થાવાનો શરફ આપીને સાહિલે કુદસ પર સલામત ઉતારી દે છે. આ સાહેબ હર ઝમાનમાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની આલે અત્હરના ઈમામ છે, જે હમેશા બાકી રહેશે અને આપ જ સફીનએ નજાતના માલિક, કપ્ટાન, નાખુદા અને રૂબ્બાન છે. સતર હોય કે ઝુહૂર, બેવે હાલતમાં કિશ્તીના બાશિંદાઓને દુનિયાની ઝલાલતનો કોઈ ખૌફ નથી. કેમકે તેઓને ખબર છે કે, તેઓની સરપરસ્તી કરનાર કોઈ માઅમૂલી શખ્સ નથી.

રૌઝે અવ્વલથી આ મુજબ હિદાયતના સાહેબોનો સિલસિલો જારી છે. પહેલા પહેલ પાક ઈન્સાન, ખુદાના સફી અને ખલીફા મૌલાના આદમ (અ.સ.) છે. આપના બાદ આપના નકશે કદમ પર હિદાયતનો સરંજામ થાતો આવેલો છે. હરએક ઝમાનમાં એક આદમ આવે છે કે, જે મુમેનીનને અસલી દાઅવત તરફ ઈઝન આપીને તેમાં વહેનારા ઈલ્મના મીઠા પાનીના (બકીયાહ પેજ નં. ૨ પર)

**જે શખ્સના બદ અખ્લાક હોય એના કાનમાં તમેં અઝાન દો.**

(પેજ નં. ૧ નું બાકી)

**ઝરણાના પાનીથી સૈરાબ કરીને તમામ તરહથી શિફા બખ્શીને જે મંઝિલે મકસૂદ મુમેનીન વાસ્તે તય હોય છે ત્યાં પહોંચાવી દે છે.** ખુદાતઆલાએ આદમને જે નૂર બખ્શું તે નૂરના સામે ફરિશ્તાઓએ સજદો બજાવો છે. એ જ નૂર મૌ. આદમના કાઈમ મકામની પૈશાનીમાં ચમકે છે. ઈમામે હક્ક અને દાઈએ હક્કમાં ચમકે છે. જેના સબબ સાહેબે દાઅવતે આદમીયહ વાસ્તે મુમેનીનને સજદએ ઈતાઅત બજા લાવવું ફરઝ બને છે, કદમ ચુમવું વાજિબ બને છે. આ નૂરનો દુશ્મન યઝીદ લઈન થયો. પોતે નારી હતો, આગવાલો હતો યાઅની જહન્નમી હતો. જહન્નમી નારી લોગો જન્નતી નૂરાની લોગોના દરજા કઈ તરહ જોઈ શકે! જહન્નમમાં તો બલશે પણ યહાઁ હસદના મારે દુનિયામાં જ આ યઝીદીઓ બલી મરે છે.

મૌ. આદમ, દૌરૂસ્સતરના પહેલા નબી છે, આપના બાદ ઘણા નબીઓ, વસીયો અને ઈમામો થાતા આવા છે. આ તમામમાં અશરફ પંજતન છે. ફાતેમી ઈમામો છે. ઈમામે હક્ક કોઈ હિકમતના સબબ પડદામાં રહે, સતરમાં રહે પણ એમના નાઈબ દાઈયુલ મુત્લક એમની મસનદ પર બેસીને ઈલાહી અને ઈબ્દાઈ ફૈઝ મુમેનીનની તરફ પહોંચાવે છે. જેમ પહેલાના વક્તમાં અંબિયા હતા તેઓ મુસ્તવદઅ હતા યાઅની તેમની નસલ માંથી ઈમામત જારી ન્હોતી થાતી, પણ તેઓની નુબૂવતને સાથે સતરમાં મુસ્તકર્ર ઈમામોનો સિલસિલો જારી હતો. જેઓની તાઈદથી મુસ્તવદઅ નબીઓ નુબૂવત કરતા હતા. આ મુસ્તકર્ર ઈમામનો સિલસિલો આજે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની નસલમાં કાઈમ છે જેના વાસ્તે ખુદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બરકત બોલી ગયા છે.

૨૧ માં ઈમામે ફાતેમી મૌ. અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) ૯૦૮ સાલ પહેલા મિસિરથી પડદે થયા તે બાદ ૨૨ શાઅબાનુલ કરીમ ૫૩૨ હિ. માં યમનમાં મૌલાતોના અલ-હુર્રતુલ મલેકહ (રિ.અ.), હુજ્જતે ઈમામીના ઈન્તેકાલ બાદ મૌ. ઝોએબ બિન સૈ. મૂસા (આ.કુ.) નસ્સે જલીથી **પહેલા દાઈયુલ મુત્લક યાઅની તૈયેબી સતરની ઈત્લાકની દાઅવતના પહેલા દાઈએ તૈયેબી કાઈમ થયા.** નસ્સના ઝરીએ ઈબ્દાઈ ફૈઝના હક્કદાર થયા, સાહેબે બયઅતો મીસાક બના. આ નસ્સ અને ફૈઝથી એક દાઈ બાદ બીજા દાઈ કાઈમ થાતા રહ્યા. હર દાઈ ફૈઝના મોહતાજ રહ્યા પણ સાથે એ મુમેનીનના અમીર અને સરદાર થયા. હર દાઈ ખુદાની બારગાહમાં દોઆ ગુઝારે છે કે, "અય પરવરદિગાર! હમેં તે ફૈઝના તલબદાર છીએ, લેહાઝા તું તે ખૈરને હમારી તરફ ઉતાર." હરએક દાઈ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના તાબેદાર છે, તાઈદે ઈમામીના માતહત ખિદમત-ગુઝાર છે અને આલે મોહંમદ (સ.અ.) ની ગુલામી પર એ તમામને ફખર છે. **આ મમ્લૂકીયત અને ઈતાઅત-ગુઝારીને તેઓ પોતાની મોટામાં મોટી નેઅમત માને છે. દૌલત જાણે છે.**

પહેલા દાઈ સૈ. ઝોએબ સાહેબથી ચુમાલીસમા દાઈ અલ-મૌલા અલ-મુકદ્દસ અલ-હય્ય સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ તક તમામ દોઆતે હુસૈનીયત અને હક્કાનીયત એ તરહથી હમ મુમેનીનના દિલોમાં ઝિંદા રાખેલી છે કે, ઝિક્રે કરબલા અને ઝિક્રે શહાદતે મૌલા હુસૈન (અ.સ.) થી સબકઆમૌઝ થઈને હમેં દુનિયાના અય્યામને આખેરતની અઝીમુશ્શાન નેઅમતોંને પામવા શરીઅતના અરકાનની પાબંદીમાં ગુઝારી રહ્યા છે. અલ-મૌલા અલ-મુકદ્દસ બાવાજી સાહેબ ૪૨ સાલ ૧૮ અય્યામ તક ઈલાહી ફૈઝ હાસિલ કરીને દાઅવતુલ હક્કની ખિદમત બજાવતા રહ્યા. આપની નઝરાત અને ઈનાયત આજે પણ જારીયહ છે. **દાઈ તે મલાઈકત બિલ કૂવત છે** યાઅની મલકી શિક્લો સૂરતના હોય છે, કોઈ મુમિન ચાહે કે ફરિશ્તાના દીદાર કરે તો એ બિલા શક દાઈના ચહેરાને જોઈ લે તો જાણે ફરિશ્તાના દીદાર થઈ ગયા.

હર ઈમામે હક્ક, ભલે ને એ જિસ્માની હસ્તીમાં નઝરોંના સામે મૌજૂદ ન હોય પણ એ એની નૂરાની તાકત અન એઅજાઝથી ફરિશ્તાઓની, જિન્નાતની અને ઈન્સાનોની ઈમ્દાદ અને નુસ્રત પર આવતા હોય છે. મૌ. ઈમામ હુસૈન (અ.સ.) અગર ફરિશ્તાઓ અને જિન્નાતની મદદ કરતા હોય તો આપના મુમેનીન, આપની મુસીબતને યાદ કરનાર કે જે વક્ત તેઓ પોતે મુસીબતમાં ગિરફ્તાર હોય તો આપ તેઓને મુસીબતથી આઝાદ કેમ નહીં કરો! બિલાશક કરશો જ . . . . . આપ મૌલા મુમેનીનને ફરમાવે છે કે, "દુનિયાનો ગમ અને ગુનાહોંની તૌબા, આખેરતમાં ખુશીનો સબબ બને છે. આ દુનિયા તો ગુઝરગાહ છે.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**જે શખ્સને ખરાબ ખ્વાબ આવતા હોય એને કહો કે રાતે સૂરતુન્નાસ અને સૂરતુલ ફલક પઢે.**

## બરકાતે હુસૈનીયહ સાથે સાલ મુબારક

**તમામ કારેઇનને મિશ્કાતુલ હાદીના ઇદારા તરફથી ૧૪૩૭ હિ. નું સાલે જદીદ મુબારક થાય. મિશ્કાતુલ હાદીની ૧૨ મી સાલગિરહ સાથે આ શુમારો શાયેઅ કરવામાં આવે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) બાવાજી, પપ્પા. (૨)
૨) ઈઝઝતવાલા. (૩)
૩) જેમ સૂરજની સરદારી પૂરી કાએનાતમાં ફેલાયેલી છે, તેમ દિલની સરદારી પૂરા ______ પર છે. (૩)
૭) ભાઈ! આ તરહથી આ કામ નહીં થાય, કોઈ બીજો ________ કરવો પડશે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) ઈન્સાન પણ કેવો ______ છે કે એને ખુદ પોતાની વિલાદત કે વફાત પર કાબૂ નથી. (૩)
૪) હરએક જાનદાર જે આ ઝમીન પર જન્મ લે છે તેની ______ ની ઝિમ્મેદારી ખુદાએ લીધેલી છે. (૨)
૫) ______ દિન કરતા ઝિયાદહ રહેવાની નિય્યત હોય તો તે જગા પર કસર નમાઝ ન પઢે. (૨)
૬) આકિલ, સમઝદાર, હોશિયાર. (૩)

**સહી જવાબ આપનાર : ઝુલફિકાર ફીરોઝુદ્દીન વોહરા.**
**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | રા | | |
| | અ | સ | દ | |
| લા | મ | X | ફ | લ |
| | લ | ઈ | ન | |
| | | દ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✩

(પેજ નં. ૨ નું બાકી)

બલાનું ઘર છે. એમાં આરામ શું? પણ તમારા વાસ્તે આખેરત તો કિયામગાહ છે. નેઅમતનું ઘર છે. એમાં તકલીફ શું? હવે તમને આ બેવે માંથી ઈખ્તિયાર કરવાનું છે. જો તમેં દુનિયાને રાહતનું ઘર સમઝીને ચાલતા હોવ તો એ તમારી સમઝ અને અક્લની કોતાહી અને ખતા છે. મુમેનીન તમેં તમારી જાનમાં નક્કી જાણી લો કે, હું મારા નાનાજી અને બાવાજીના ફરમાન મુજબ અમલ કરી રહ્યો છું. મૌત બાદ મારા વાસ્તે આ મોટામાં મોટી જીત છે. તમેં તમારી મૌતને રાહતમાં તબ્દીલ કરી શકો છો, પણ તેના વાસ્તે તમને ખૂબ મહેનત અને તકલીફ ઉઠાવવી પડશે." ✩

શમ્સો કમર સે ભી હસીં સૂરત તેરી હુસૈન,
અલ્લાહ કી કિતાબ હે સીરત તેરી હુસૈન.
જિસ શખ્સ કે હે દિલ મેં મોહબ્બત તેરી હુસૈન,
ઉસ પર હે બિલ ખુસૂસ ઈનાયત તેરી હુસૈન.
બે-મિસ્લો બે-નઝીર હે તારીખ હે ગવાહ,
તૈગો કે ઝૈરે સાયા ઈબાદત તેરી હુસૈન.
મહેબૂબે હક્ક કી પુશ્તે મુબારક પે હે સવાર,
અલ્લાહ રે યે શાન યે અઝમત તેરી હુસૈન.
નાના શફીએ રૌઝે જઝા હે ઈસી લીયે,
મહેશર મેં કામ આએગી નિસ્બત તેરી હુસૈન.
તખ્તે યઝીદ હે ન અબ તાજે યઝીદ હે,
કાઈમ સદા રહેગી હુકૂમત તેરી હુસૈન.
ફાકાકશીઓ તિશનગી ગુરબત તેરી હુસૈન,
મશ્હૂર હે જહાઁ મેં કનાઅત તેરી હુસૈન. ✩

**જે શખ્સની સેહત બરાબર ન રહેતી હોય એને કહો કે ફજરમાં મધ જમે.**

## હિકાયત

ઝિક્ર આવેલી છે કે, એક શખ્સે એક ગધેડો અને એક બકરો પાલો હતો. ગધેડો આ શખ્સના અનાજ, ઘાસ, પાની, સામાન વગૈરહનું વજન ઉઠાવતો હતો તેથી તેની બરાબર દેખરેખ રાખવામાં આવતી હતી. તેના જમન-પાની અને ઈલાજ વાસ્તે તે શખ્સ કોઈ કસર રાખતો ન હતો. ગધેડા પર માલિકનો આ મુજબનો પ્યાર, તકેદારી અને તેના તરફ ખાસ ધ્યાન જોઈને બકરો મનમાં ને મનમાં ગધેડાથી હસદ કરવા લાગો, બકરો એવા અવસરના તલાશમાં હતો કે જેથી ગધેડાને માલિકની નઝરમાં નીચો પાડી શકાય.

એક દિવસ કોઈ એવો વિચાર કરીને બકરો ગધેડાને કહેવા લાગો કે, "જો ભાઈ! આ તો મને જે સારૂં લાગું તે તને હું કહું છું, પછી તુંને જે કરવું હોય તે તારી મરઝીની વાત છે. માલિકે મને ખુલ્લો છોડી મુકો છે તેથી હું તો આરામથી યહાઁ-વહાઁ ઉછલી-કૂદીને મસ્તીથી ફિરૂં છું. હું તો મારી મરઝીનો માલિક છું પણ મને એ સમઝ નથી પડતી કે, તારી પીઠ પર ભારે ભરખમ બોઝ લાદીને માલિક તુંને દૂર દૂર તક શું કામ ઢસડી જાય છે!"

ગધેડો બોલો કે, "હાઁ! તારી વાત તો ૧૦૦ ટકાની. માલિકનો મારા સાથે આ મુજબ વ્યવહાર મને પણ ખટકે છે. **પણ આમાંથી હું કેમ છટકી શકું તે તું મને બતાવ.**" બકરાને મૌકો મિલી ગયો. બકરો ખુશી-ખુશી બોલો કે, કોઈ બીમારીનો બહાનો બતાવીને તું એક ખાડામાં પડી જા, પણ જો હાઁ સંભાલીને. પછી ઢોંગ કરીને લંગડાતો લંગડાતો ઘરે આવી જાજે અને થોડા દિવસ મૌજથી આરામ કરી લેજે.

ગધેડો બકરાની વાત માનીને એક ખાડામાં પડી જાય છે અને એના લીધે હકીકતમાં એના પગનું હાડકું ભાગી જાય છે. એટલું કે તે હલનચલન કરવાથી પણ લાચાર થઈ જાય છે. માલિક વૈદને બોલાવે છે. વૈદ ઈઝાઓ જોઈને માલિકને તૂટેલા હાડકા પર બકરાની ચરબીથી માલિશ કરવાની સલાહ આપે છે. તરત જ માલિક બકરા પર છુરી ફેરવવાનું શુરૂ કરે છે ..... **અને બકરો પોતે ખેલનો બકરો બની જાય છે!**

નસીહત એ છે કે, ખોટી સલાહ આપવાનો નતીજો ખરાબ આવે છે અને એ સલાહ આપનારને પણ ભારે પડી જાય છે. ખોટી-ખરાબ સલાહ આપવાને બદલે સલાહ જ ન આપવી તે બહેતર છે. આપવી તો કોઈને એવી સલાહ આપવી કે, જેમાં બધાની ભલાઈ હોય. ✭

## " હમેં માઅલૂમ નહીં "

મૌલા હાતિમ કા હો હમસર હમેં માઅલૂમ નહીં,
આપ સા ઔર કોઈ રહેબર હમેં માઅલૂમ નહીં.
દીને હક્ક આપ સે રૌશન હે યે સબકો રૌશન,
તુમ સિવા નૂર કા મઝહર હમેં માઅલૂમ નહીં.
આપ હી નાઈબે તૈયેબ હો નહીં શક ઈસ મેં,
યે કિસી ઔર મેં મન્ઝર હમેં માઅલૂમ નહીં.
હક્ક ને કૌસર જો દી અહમદ કો હો ઉસકે નાઈબ,
ઔર કોઈ નાઈબે કૌસર હમેં માઅલૂમ નહીં.
કાસિમે નારો જિનાઁ કે હો તુમહી તો નાઈબ,
ઔર કોઈ નાઈબે હયદર હમેં માઅલૂમ નહીં.
આપ કે ઈલ્મ કી જો નહેર હે વો હે કૌસર,
ઉસ સિવા ઔર ભી કૌસર હમેં માઅલૂમ નહીં.
બાગે ફિરદૌસ હે યે આપકી દાઅવત બેશક,
ઔર જન્નત કોઈ બઢકર હમેં માઅલૂમ નહીં.

મફહૂમે અઝા જાનનેવાલેં કમ હૈં,
એહસાન કો ગરદાનનેવાલેં કમ હૈં,
શબ્બીર તેરે માનનેવાલેં હે બહોત,
લેકિન તેરે પહેચાનનેવાલેં કમ હૈં.

હાજતેં આતી હૈં બર આપકે દર સે સબકી,
ઐસા કોઈ ઔર કા હે દર હમેં માઅલૂમ નહીં.
દીનો દુનિયા કી તરક્કી કા હુસૂલ આપ સે હે,
હો કિસી ઔર કે અંદર હમેં માઅલૂમ નહીં.
આપ કી રાહ પે આના હે સભી કો એક દિન,
રાસ્તા ઔર કોઈ બહેતર હમેં માઅલૂમ નહીં.
મુન્હસિર ઈનકી રઝા પર હે જિનાઁ મેં જાના,
જબકે રિઝવાઁ હે યે દીગર હમેં માઅલૂમ નહીં.
યહીં મમ્સૂલ તો હે હબ્લે મતીં કે હામિદ,
ઈસકે મુન્કિર હુવે અકસર હમેં માઅલૂમ નહીં. ✭

**જે શખ્સની રોઝી તંગ હોય એને કહો કે સદકો કરે.**

## નૌહા – મૌ.ઝૈનબ (અ.સ.) ઔર લાશએ મૌ.ઈમામ હુસૈન (અ.સ.)

મકતલ મેં લાશે શેહ પર ક્યા આ રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

જલતી ઝમીં પે દેખા ભાઈ તડપ રહા હે,
સીને પે શિમ્ર ને ઉફ ઉનકે કદમ રખા હે,
ઔર ખુશ્ક હલ્ક પે વો ખંજર ચલા રહા હે,
હાઁ વાઅદએ તિફલી કો મૌલા નિભા રહા હે,
યે દેખ જાન અપની યૂઁ ખો રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

ડૂબી લહૂ મેં થી વો ભાઈ કી લાશ ઝખ્મી,
ઘોડોં કી ટાપોં સે થી આઅદા ને ઉસકો કુચલી,
માઁ-જાઈ બહેના ભાઈ કી લાશ સે જો લિપટી,
તબ દિર્રે ઉનકો મારે તલવાર ઉનકો મારી,
કહે કર કે ભૈયા ભૈયા ચિલ્લા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

ઝૈનબ કો ખીંચા ઝાલિમ ને લાશ સે છુડાયા,
ઔર બાંધે બાઝૂ દર દર હે નંગે સર ફિરાયા,
સામાન સારા લૂંટા ઔર ખૈમે કો જલાયા,
ઔર નૌક પે સિનાઁ કે સર શાહ કા ચઢાયા,
ઈસ માજરે સે ગશ પે ગશ ખા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

ઔનો મોહંમદ બેટે ઝૈનબ સે દોનો બિછડે,
ઝૈનબ કી દોનોં આઁખોં કે તારે થે પિયારે,
તૈગો તબર સે દોનો કો દુશ્મનોં ને મારે,
મામૂં પે અપની જાનેં કુરબાન કર કે ગુઝરે,
ભાઈ પે અપની દૌલત લુટવા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

અકબર કા લાશા આયા દુલ્હન મગર ન આઈ,
અઠ્ઠારવાઁ બરસ થા સીને પે બરછી ખાઈ,
બાનુ ને લાશ બેટે કી સીને સે લગાઈ,
બોલી જુદાઈ તેરી તકદીર ને દિખાઈ,
ભાભી કો વો દિલાસા દિલવા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

અસગર કો હુરમલા ને તીરે સિતમ જો મારા,
થે હાથ મેં જો અસગર ગોયા કુરઆઁ કા પારા,
નન્હી બનાઈ તુરબત લાશા ઝમીં મેં ગાડા,
બાનુ કા હો ગયા દિલ ઈસ ગમ સે પારા પારા,
અસગર કા ખાલી ઝૂલા ઝુલા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ.

તા ઉમ્ર રોઈ ઝૈનબ ભાઈ કો યાદ કર કે,
થા કરબલા કા મંઝર જો સામને નઝર કે,
દમ તોડતી થી નાઅરા એક આહ કો વો ભર કે,
યે ગમ વો ગમ હે રાગિબ તુકડે હુવે જિગર કે,
હરએક કા નામ લેકર બુલવા રહી હે ઝૈનબ,
આઁખોં સે ખૂઁ કે આઁસૂ ટપકા રહી હે ઝૈનબ. ✯

## સલામ – અર્શ લરઝતા થા

હિલતી થી ઝમીં સારી ઔર અર્શ લરઝતા થા,
ખંજર સે ગલા જિસ દમ શબ્બીર કા કટતા થા.

લાશેં થે ઝમીં પર ઔર નૈઝોં પે અલમ થે સર,
મઝલૂમોં કે ખૂઁ સે તર કરબલ કા વો સેહરા થા.

ક્યૂં દેખતેં હૈં લાશા, ગશ આએ ન સરવર કો,
ઉલઝા હુવા બરછી મેં અકબર કા કલેજા થા.

પાની કે લીયે સરવર બેશીર કો જબ લાયે,
હાથોં પે પિદર કે વો મછલી સા તડપતા થા.

ક્યા હદ થી સિતમ કી જબ ન રહેમ કિયા કોઈ,
એક તીર સિતમગર ને બચ્ચે કો વો મારા થા.

નૈઝોં સે છિદા તન ઔર તીરોં સે કટા સહેરા,
થી રેત ગરમ ઉસ પર દુલ્હા કા વો લાશા થા.

ક્યૂં બાગ તરો તાઝા લૂંટા અય સિતમગારોં,
શેહ ને તો કિસી કા ભી એક ફૂલ ન તોડા થા.

આઅદા ને રિદા છીની ઔર સર જો કિયા ઉરયાઁ,
મૂઁહ બીબીયો ને અપના બાલોં સે છિપાયા થા.

આઅદા ને કુચલ ડાલા ઉસ શાહ કે લાશે કો,
ઝહરા ને જિસે અપની આગૌશ મેં પાલા થા.

જબ ખૈમેં મેં ઝૈનબ સે શેહ હોને લગે રૂખ્સત,
એક હશ્ર કા અય રાગિબ ઉસ વક્ત નઝારા થા. ✯

**જે શખ્સને ઊંઘ ન આવતી હોય એને કહો કે કુરઆને કરીમની તિલાવત કરીને સુઈ.**

## અખ્બારે હાતિમીયહ

✵ **સમલાયામાં મૌલાની સફર :**

૧૬ ઝિલકાદ ૧૪૩૬, રવિવાર ના રોઝ સૈ. વ મૌ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) અઝાએ હુસૈન અંજુમનના અરાકીન સાથે સમલાયા મુકામે પધારા હતા. ત્યાંના રઈસ અને મુકીમ હસનઅલી નુરૂદ્દીન સમલાયાવાલાએ તેમની કિયામગાહ પર હુઝૂરની તશરીફ-આવરીનો શરફ હાસિલ કીધો હતો. આ મૌકાનો ફાયદો તેમના ભાઈ યૂસુફઅલી સમલાયાવાલાએ લીધો હતો અને ગામના બાઝારમાં તેમની દુકાનમાં પણ હુઝૂરની કદમ-આવરીની બરકત હાસિલ કીધી હતી. હુઝૂરે આલાએ મૈઝબાનના કારોબાર અને વેપારમાં બરકત અને તૌસીઅ તેમજ અહલો અયાલની ખિદમત અને સેહતો આફીયતની દોઆ ગુઝારી હતી.

✵ **હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની અહમદાબાદમાં તશરીફ-આવરી : ૨૧, ૨૨ ઝિલકાદ ૧૪૩૬ હિ.**

મૌલાનલ મન્નાન (ત.ઉ.શ.) ની તખ્ત-નશીની બાદ આપનો અહમદાબાદ મુકામે પહેલી વકત વુરૂદ થયો હતો. ત્યાંના રઈસ અને કોન્ટ્રાક્ટર ગુલામહુસૈન અલીભાઈ અને અલીભાઈ બદરૂદ્દીન કોન્ટ્રાક્ટરના ફરઝંદો અને તમામ કુમ્બાના મુમેનીનને હુઝૂરેઆલી તેમજ હુદૂદે કિરામની ઘરમાં તલક્કી કીધી હતી અને હુઝૂરે કદમબોસીની બરકાતે શરીફહ ઈનાયત કીધી હતી. એમાં મરકઝી મુકામ હુઝૂરે ગુલામહુસૈન અલીભાઈ કોન્ટ્રાક્ટરના ધોલકાના ફાર્મહાઉસ પર કીધો હતો. મૌલાના દસ્તે મુબારક પર ઈફ્તેતાહની રસ્મ, તેઓની પોતીના મીસાકે જદીદની રસ્મ અને અહમદાબાદના તમામ મુમેનીનનો તખ્ત-નશીની બાદના એહદે દાઈયુઝઝમાનની રૂસુમાત અદા થઈ હતી. હુઝૂરે આલાએ કરમ ફરમાવીને તમામ તાઅમીર અને આરાઈશનો બઝાતે શરીફહ મુઆઈનો કીધો હતો. આ સાથે નાનાભાઈ, શબ્બરભાઈ, મઝહરભાઈ, મુઅઝઝમભાઈ, સફદરભાઈ અને અબ્બાસભાઈની રેહાઈશમાં હુઝૂર કદમરંજા થયા હતા અને તશરીફાતથી નવાઝા હતા.

✵ **નડીયાદ મુકામે હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની તશરીફ-આવરી :**

હુઝૂરે પુરનૂર સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) તખ્ત-નશીન થયા બાદ પહેલી વકત અહમદાબાદના ઉર્સ મુબારકની રૂસુમાતે દાઅવત અદા કીધા બાદ નડીયાદ મુકામે કદમરંજા થયા હતા. એક અરસા પહેલા નડીયાદના મુમેનીને હઝરતે હાતિમીયહમાં નડીયાદ પધારવાની અરઝ ગુઝારી હતી અને આપ મૌલાએ ઈનાયાતે ઝકવીયહ ફરમાવી અહમદાબાદથી ઔદે અહમદમાં યાઅની ફારિગ થયા બાદ નડીયાદ મુકામે મગરિબની નમાઝ કબ્લ પધારા હતા. નડીયાદના રઈસ શમસુદ્દીન અમીરૂદ્દીન નડીયાદવાલાના ઘરમાં આપનો કિયામે શરીફ હતો અને ત્યાંથી ફિરદૌસભાઈ તૈયેબઅલી નડીયાદવાલાના જદીદ મકાનના ઈફ્તેતાહ વાસ્તે આપની સવારી ગઈ હતી. જ્યાં રૂસુમાતે ખાસ્સહ અદા થયા બાદ મસ્જિદે ફાતેમીમાં જલ્વા-અફરોઝ થયા હતા. તમામ મુમેનીન-મુમેનાતનો મીસાક, કસીદા-ખ્વાની, આપની વાઅઝ શરીફ, કદમબોસી થયા બાદ આપે મુમેનીનને મગરિબની નમાઝની ઈમામતનો સવાબ બખ્શો હતો. આપના કલેમાતે હાતિમીયહમાં મુમેનીનને શરીઅતની પાબંદી અને દાઅવતની ખિદમત બજા લાવવા વાસ્તે ખાસ તાકીદ ફરમાવી હતી. તઆમો ઈકરામના એહતેમામ બાદ આપ વતને દોઆત વડોદરા તરફ રૂજુઅ થયા હતા (તશરીફ લઈ ગયા હતા).

✵ **મુંબઈની સફરે મયમૂન :**

અલ હય્ય અલ મુકદ્દસ સૈ. વ મૌ. અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) એ આપના દસ્તે મુબારકથી શહેરે મુંબઈમાં ૧૦ શાઅબાન ૧૪૩૫ હિ. ના દિન બદરી મસ્જિદની રસ્મે ઈફ્તેતાહ અદા કીધા બાદ મુમેનીનને દરમિયાન મસ્જિદમાં જ ઈમામતની નમાઝ પઢવાનો વલવલો અને જોશ પૈદા થયો હતો. આકા મૌલા હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) તખ્તે તૈયેબી પર જલ્વા-અફરોઝ થાતા જ આ વલવલા અને શૌકમાં ફરતો નશાત, તાઝગી પૈદા થઈ અને મૌલા મુંબઈમાં જલ્દ અઝ જલ્દ પધારે એના તમામ મુન્તઝિર હતા. હુઝૂરેઆલી હમીદુલ મસાઈ ૨૪ શવ્વાલ ના રોઝ હુદૂદો ફોઝલા સાથે મુંબઈ શહેરમાં પધારા. આપની હાતિમી સવારી ઈમામત અને દાઅવતની શાનાતના ઝુહૂર સાથે બદરી મસ્જિદમાં

(બકીયાહ પેજ નં. ૮ પર)

**જે શખ્સનું દિલ બેકરાર રહેતું હોય એને કહો કે આયતુલ કુરસી પઢે.**

## ઈન્તેકાલ-પુરમલાલ

**શવ્વાલ-ઝિલકાદ**

૧) સફૈયાબુ ઈબ્રાહીમ સોરંગવાલા (પોપટવાલા)
મારૂફળિયા, વડોદરા.
૯ શવ્વાલ ૧૪૩૬, ૨૫-૦૭-૨૦૧૫, શનિવાર

૨) જીવનબુ યૂસુફઅલી મમુરીવાલા (ટીનવાલા)
મુંબઈ.
૨૬ શવ્વાલ ૧૪૩૬, ૧૧-૦૮-૨૦૧૫, મંગલવાર

૩) ફાતેમાબુ મુ. મોહંમદખાઁ રંગવાલા (ઉમલ્લાવાલા)
ઉમલ્લા.
૨ ઝિલકાદ ૧૪૩૬, ૧૬-૦૮-૨૦૧૫, રવિવાર

૪) શબ્બીરહુસૈન બદરૂદ્દીન સોરંગવાલા
તાજ કોમ્પલેક્ષ, વડોદરા.
૪ ઝિલકાદ ૧૪૩૬, ૧૮-૦૮-૨૦૧૫, મંગલવાર

૫) જાઅફરઅલી શરફઅલી બંગલીવાલા
નૂર કોમ્પલેક્ષ, વડોદરા.
૬ ઝિલકાદ ૧૪૩૬, ૨૦-૦૮-૨૦૧૫, જુમેરાત

૬) ઝુબૈદાબુ હુસૈનુદ્દીન અત્તરવાલા (સુરતી)
ઉમલ્લા.
૧૦ ઝિલકાદ ૧૪૩૬, ૨૪-૦૮-૨૦૧૫, સોમવાર ☆

### -: દોઆ :-

ફાતેમા કી નબી કી જાન હુસૈન,
આપ ઈસ્લામ કી હો આન હુસૈન,
મરતે મરતે ભી દે ગયે હો દોઆ,
વાહ! વાહ! ક્યા દિખાઈ શાન હુસૈન.

### -: પંજતન :-

ગમ મેં શબ્બીર કે જો રોયા હે,
સુર્ખરૂ વો હમેશા હોયા હે,
આતેં હૈં પંજતન યે મજલિસ મેં,
બેખબર તું કહાઁ પે સોયા હે.

### -: સર :-

ફાતેમા કે જિગર, અલી કે કમર,
રાહે હક્ક મેં દિયા સબ અપના ઘર,
માઅરકા સર કિયા હે ક્યા કહેના,
અસ્ર કો જબ ઝુકા દોઆ મેં સર.

## તિજારત


**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

**M.M. GLASS**

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.


**ગરીબનો ઐબ, ઐબ છે મગર દૌલતમંદનો ઐબ સબબે શોહરત છે.**


ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે.
(શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)
ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ☆


### -: બઝમ :-

શાન સે બઝમ યે રચાઈ હે, રૂહે ઝહરા યહાઁ પે આઈ હે,
કહેતી હે રોવો હમ ભી રોતેં હૈં, લુટ ગઈ મેરી સબ કમાઈ હે.

**જે શખ્સમાં ખ્વાહેશાત અને શહેવતની ગરમી હોય એને કહો કે રોઝું રાખે.**

(પેજ નં. ૬ નું બાકી)

પધારી તો તમામ મુમેનીને આપનો મરહબા અને ખુશ-આમદીદના નાઅરાઓથી ઈસ્તિકબાલ કીધો. મોહબ્બત અને વલાયતના ઔજનો ઝુહૂર તે તરહથી હતો કે મસ્જિદના કોણે કોણા માંથી મુબારક-સલામતના નાઅરાઓ અને હક્કની દાઅવત ઝિંદાબાદની નિદા બલંદ થઈ હતી. તખ્તે ઝોએબી પર જલ્વા-ફિગન થયા બાદ દાઅવતની સિફતો સનાના કસાઈદ, આપના કલેમએ નૂરાનીયહ હાતિમીયહ અને અહદે મુમેનીન તેમજ કદમબોસીની તશરીફાતની રૂસુમાત સિલસિલા-વાર અદા થઈ હતી. હુઝૂરની વાઅઝની તલક્કી અને નસીહતના કલેમાતની અદાયેગીની શાન એવી અજીબ અને નિરાલી હતી કે, મુમેનીનના હર ગોશા માંથી આફરીન-સદ-આફરીનના નાઅરાઓ બલંદ થયા હતા અને હુઝૂર પર તમામ હાઝેરીન જાનો દિલથી ફિદા અને કુરબાન થાવા મુસ્તઈદ અને બેતાબ હતા. મુંબઈ શહેરની તારીખમાં મુમેનીનના મજમાઅની આ તરહની શિરકત બેમિસાલ અને લાજવાબ હતી. માએદએ આલે મોહંમદ (સ.અ.) પર તઆમો ઈકરામના થાલ મુમેનીનની ખિદમતમાં અરઝ થયા હતા. મોહતરમ ફિદાહુસૈન યૂસુફઅલી નડીયાદવાલાની રેહાઈશગાહમાં મૌલાનાનો ચાર અય્યામ કિયામે ખાસ રહ્યો હતો. જે દૌરાન મુંબઈના રઈસ અને તાજિર અકીદતમંદો તરફથી તેઓના ઘરોમાં ઝિયાફત અરઝ થઈ હતી. મૌલાનાએ આપની મુખ્તસર ઈકામતને દૌરાન ચંદ દુખ્તરો તેમજ ફરઝંદોના જદીદ મીસાકની રસ્મ પહેલી વક્ત મસ્જિદે બદરીમાં અદા ફરમાવી હતી. હાઝેરીન જવાનોંને દરમિયાન શરીઅતની પાબંદી વાસ્તે નસીહત અને તરીકતની વાઅઝના ગૌહર અને જૌહર નશર કીધા હતા. બિલ-જુમ્લા સૈયેદના સાહેબની આ સફરે મયમૂન મુંબઈના મુમેનીન વાસ્તે તારીખી અને યાદગાર બની હતી.

**✳ તૈયેબી અને નૂરાની દરસની મજલિસ :**

મરહૂમ હુઝૂરેઆલી સૈ. વ મૌ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની રઝાથી મુકાસિર સાહેબ અને રાસુલહુદૂદ સાહેબે દીની દરસ આપવાની ઈબ્તેદા ૧૪૨૯ હિ. માં સફર મહીનાથી કીધી. મુકાસિર સાહેબ છેલ્લા ૮ સાલથી નૂરાની મસ્જિદમાં મુમેનાત બૈરો અને મરદોના દરમિયાન ઈલ્મના ગૌહર અને જૌહર નશર કરી રહ્યા છે. આ ખિદમતે ઈલ્મીયહ વાસ્તે પોતાનો વક્ત નિકાલીને દીની દરસમાં શામિલ થાય છે. મૌલાની તખ્ત-નશીની બાદ નૂરાની દરસના મુમેનીને ૨૫ ઝિલકાદે ઝિયાફત બોસ્તાને બદરીમાં મૌલાને અરઝ કીધી હતી. મૌલાએ પોતાની શીરીં ઝબાનથી નસીહતના કલેમાત ફરમાવા હતા. એ જ રીતે તૈયેબી મસ્જિદમાં આજવા રોડના મુમેનીન અને મુમેનાત બૈરો જે દરસે તૈયેબીમાં શામિલ થાય છે, તેઓએ મૌલા હાતિમ ઝકીયુદ્દીન સાહેબને ૧૫ ઝિલકાદે ઝિયાફત વાસ્તે ઈઝન ખાસ પૈશ કીધું હતું અને આપ મૌલાએ તે દૌરાન ઘણા હિકમતના કલેમાત અને શરીઅતના નિકાત પૈશ કીધા હતા.

રાસુલહુદૂદ સાહેબ આજવા રોડ પર ઈલ્મી દરસની મજલિસ મુકાસિર સાહેબની મિસિલ જ મુન્અકિદ કરે છે. મૌલાએ ફરમાવું કે, શાયેકાને ઈલ્મ પર લાઝિમ છે કે, પોતાના કામકાજ માંથી વક્ત કાઢીને મુસલસલ ઈલ્મને તલબ કરવા પધારે. સાફ અને પાક પાની સિવાય બીજી જગાઓ ના પાની ન પીવાય, તેમાં હર વક્ત ખતરો રહે છે. તો આ તરહની મજલિસો પાક પાનીના ઝરણા જેમ છે કે જેથી મુમેનીન ઈલ્મી પ્યાસને બુઝાવી શકે છે. ✭

---

(પેજ નં. ૧૫ નું બાકી)

અને કલ્ચરની તસ્વીર બને છે. લેહાઝા, કોઈ પણ કૌમ કે મુલ્કની ઝબાન તેના કલ્ચર સાથે જોડાયેલી હોય છે. માદરી ઝબાન બચ્ચાને કલ્ચરની હિફાઝત કેમ કરવી તેની શીખ આપે છે.

૫) કોઈપણ શખ્સને ઊંઘ માંથી ઉઠાડીને અપને કંઈ પૂછીએ તો તે પોતાની માદરી ઝબાનમાં જ જવાબ આપશે, એવું કેમ? કેમકે તે તેની સહજ ઝહેનની અક્કાસી છે. ઝહેનમાં પહેલા તે જ ચીઝ આવશે કે જે એ શખ્સ પોતાની માદરી ઝબાનમાં શીખો હશે.ઈંગ્લિશમાં તાઅલીમ હાસિલ કરવાની પરૈશાની એ છે કે તે પોતાની ઝબાન ન હોવાથી તબીઈ રીતે એ ઝબાનમાં વિચાર કરી શકતો નથી. અપને અપની ઝબાનમાં વિચારીને પછી એનો ઈંગ્લિશમાં તરજુમો કરીએ છીએ અને તે પછી કંઈક કહી શકીએ કે લખી શકીએ છીએ, એમાં કેટલો વક્ત અને કેટલી એનર્જી બરબાદ થાય છે અને આ બધુ કીધા પછી પણ ખરી વાત તો ક્યાંક ખોવાઈ જ જાય છે. ✭

**જે શખ્સ એમ ચાહે કે એના મોટા-મોટા કામોંમાં આસાની થાય તો એને કહો કે હજ્જ પઢે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૧

### આલિમને સાથે રહો અને જાહિલનો સાથ છોડી દો

એક ઈસ્રાઈલી આબિદ હતા, ખૂબ પરહેઝગાર હતા. ૮૦ સાલ ખુદાતઆલાની ઈબાદતમાં ગુઝારી ચુકા હતા. આ અરસામાં ૪૦ સાલ તક શયતાન આ ઈબાદતગુઝાર શખ્સને અલગ-અલગ તૌરથી મુખ્તલિફ શિક્લો સૂરત ઈખ્તિયાર કરીને ઈબાદતથી ગાફિલ કરવા, બહેકાવવા અને વરગલાવવા આબિદ પાસે આવતો રહ્યો. મગર આબિદ એની ઈબાદતમાં એટલા પાકા હતા કે હર વક્ત શયતાન એના નઝદીક આવતો કે, એ તેને પહેચાની જાતા અને આમ કરીને ૪૦ સાલની દરાઝ મુદત તક આબિદ શયતાનથી બચતા રહ્યા અને તેના દાવપેચમાં ન આવા.

શયતાન, ઈબાદતગુઝારની આ મુજબની હુશિયારી અને ચાલાક નઝરથી પરેશાન થઈ ગયો. સોચી-સોચીને થાકી ગયો કે, હવે કઈ તરહ આબિદને બહેકાવવો! તે સોચવા લાગો કે, લોગો જે ઝાહિરમાં બદ અમલ કરે છે અને તે ગુનાહ છે, તે ચીઝની તેઓને ખબર છે અને તેની ખુદા સઝા આપશે તેની પણ તેઓને માઅલૂમાત છે, તો આ બધા અમલથી આબિદને બહેકાવવો મુશ્કિલ છે. થોડા અય્યામ તક સોચ વિચાર કરીને આબિદને ફસાવવા વાસ્તે એક એવી કારગર તરકીબ તેએ વિચારી કે, જેના ફંડા માંથી આબિદ છટકી નહીં શકે તેનું તેને યકીન થઈ ગયું.

એક રોઝ શયતાન તે આબિદ પાસે એવી હાલતમાં આવો કે, તેએ પોતાની એક આઁખ પર નાપાક ચામડાના ટુકડાને ચોટાડેલો હતો. આબિદ આ જોઈને ખૂબ તઅજ્જુબમાં પડી ગયો. આબિદે તેને આનો સબબ પૂછો તો ઈબ્લીસે કહ્યું કે, અય આબિદ! **શું તમને ઈલ્મ નથી કે, ખુદાતઆલા જે વક્ત બંદાનો હિસાબ કરશે તો તમામ કરતા પહેલા તેની બેવે આઁખોનો હિસાબ કરશે.** ખુદા પૂછશે કે, શું દુનિયામાં રહીને બંદાએ ગલત નિગાહથી કોઈને જોયા તો નથી ને! આઁખોંથી બદકારી તો કીધી નથી ને! લેહાઝા હિસાબનો ડર મારા દિલમાં એવો છે કે, મેં મારી એક આઁખને બંધ કરી લીધી કે, જેથી મને ખુદાતઆલાના નઝદીક એક જ આઁખનો હિસાબ આપવો પડે. અય આબિદ! મારો આ અમલ મારા નઝદીકમાં રહેતા લોગોને એટલો તો પસંદ આવો છે કે, તમામે હવે પોતાની એક આઁખ પર પટ્ટી મારવાનું શુરૂ કરી દીધું છે. આબિદને શયતાનની આ વાત ઘણી પસંદ પડી, પણ એ પહેચાની ન શકો કે આ તો શયતાની મકરો ફરેબ છે. દગા અને ધોકાનો સામાન છે.

આબિદે તેનો શુક્રિયા અદા કીધો અને એ પણ એક આઁખ પર પટ્ટી મારતો થઈ ગયો. શયતાનનો મકસદ એ હતો કે આઁખ પર પટ્ટીના સબબ આબિદની એક આઁખ પર વુઝૂનું પાની નહીં પહોંચે જેથી વુઝૂ નાકિસ અને નામુકમ્મિલ થઈ જાશે. વુઝૂ અધુરી રહેવાના સબબ આબિદની નમાઝ પણ ગલત થઈ જાશે. આઁખ પર પટ્ટી મારવાના શયતાનના મકસદને આબિદ પહેચાની ન શકા અને અઝીમ ખતા કરી બેસા. આ જ હાલત પર એક દરાઝ વક્ત ગુઝરી ગયો. આ વક્તમાં આબિદે બેદરકારીની હાલતમાં કોઈ વક્ત આઁખની પટ્ટી નિકાલી નહીં અને આ જ હાલતમાં વુઝૂ અને ઈબાદત કરતા રહ્યા.

એક દિન આબિદ એક ગલી માંથી ગુઝરી રહ્યા હતા કે, એક આલિમ-ફકીહ એના મુકાબિલ થયા, સામે આવા. આલિમે આબિદને ન પહેચાનો કેમકે આઁખ પર પટ્ટી મારેલી હતી, પણ આબિદે એમને પહેચાની લીધા અને ઝૌરથી નિદા કીધી. આલિમે આબિદના ચહેરા સામે ગૌરથી જોયું કે, તરત કહેવા લાગા કે, અય ભાઈ! આ તમને શું થઈ ગયું છે? મુદ્દત પછી તમને જોયા અને તે પણ આ હાલતમાં કે તમેં એક આઁખના થઈ ગયા છો! તમેં તમારી એક આઁખ પર ચામડાની પટ્ટી શું કામ મારેલી છે? આબિદે આલિમને પૂરો કિસ્સો કીધો અને કહ્યું કે, " **એક ભલા શખ્સે મને આ મુજબ કરવાની નેક સલાહ આપી હતી.** "

આલિમ ખૂબ ગુસ્સામાં આવી ગયા અને કહ્યું કે, અય દોસ્ત! જે શખ્સ તમને આમ કરવાનું કહી ગયો છે તે તો મલઊન શયતાન હતો, જેનો નાપાક મકસદ હતો કે, તમારી વુઝૂ અને ઈબાદત બેવે ઝાયેઅ થઈ જાય અને તમને તમારા અમલ બદલ કોઈ જઝા ન મિલે. તમેં હમણાને હમણા આ પટ્ટી નિકાલી દો, તમારી આઁખને ખોલી દો અને નવા તૌરથી ઈબાદત કરવાનું શુરૂ કરી દો. પટ્ટી બાંધા બાદ જેટલી ઈબાદત તમેં કીધી તે તમામ બેકાર થઈ ગઈ, તમારી મહેનતનો તમને કોઈ ફાયદો ન થયો. (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**જે શખ્સને દુનિયાનો હમ-ગમ સતાવતો હોય તો એને કહો કે ઝિક્રે મસાઈબે અહલે બૈત (અ.સ.) કરે.**

## ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ
## ઈમામત કિસ્ત-૧૨

ઈમામત કરાવવાનો હક્ક કોને છે અને ઈમામ જે નમાઝ વાસ્તે ઊભા થાય તેમાં શું લિયાકત અને શરફ હોવો જોઈએ તે વાસ્તે પાઁચમાં ઈમામે ફાતેમી મૌલાના અબુ અબ્દિલ્લાહ જાઅફર બિન મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, તમારા માંથી હિજરત કરવામાં જે પહેલા હોય તેને હક્ક છે કે ઈમામત કરાવે. જો આમાં તમામ સરખા હોય તો જે શખ્સ કુરઆને કરીમની તિલાવત સહી તૌરથી કરી શક્તો હોય, કિરાત પઢવામાં એના મખારિજ દુરૂસ્ત હોય તો ઈમામત કરાવવાને લાઈક એ શખ્સ થાય છે. અગર આમાં પણ બધા બરાબર હોય તો જે શખ્સ શરીઅતનું હલાલ-હરામ, જાઈઝ-નાજાઈઝ, નેક-બદ, આઅમાલે સાલેહાત-આઅમાલે સૈયેઆત જાણતો હોય યાઅની ફકીહ હોય તો એ નમાઝ પઢાવે. આમાં જો તમામ સરખા હોય, ઈલ્મે શરીઅતમાં પુખ્તા હોય તો તેઓ માંથી જે બધા કરતા બુઝુર્ગ હોય, ઉમર-રસીદા હોય તો ઈમામત કરાવવા વાસ્તે એ આગલ થાય.

આ તમામ કરતા અવ્વલ અને અફઝલ તે શખ્સ છે જે સાહેબુલ મસ્જિદ હોય યાઅની મસ્જિદના મકીન હોય તે સાહેબ, હિજરત કરનાર કરતા, કુરઆનની કિરાત કરનાર કરતા, ફકીહ કરતા, બુઝુર્ગ કરતા પણ ઈમામત વાસ્તે ઝિયાદહ હક્કદાર છે. મકીન યાઅની મકાનની જે જગા હોય તેના માલિક હોય. મકાનની બિના અને તાઅમીર મકીનની કોશિશ અને દેખરેખમાં થઈ હોય. **મકીનના સબબ મકાન આબાદ હોય અને તેની પહેચાન કાઈમ થાતી હોય.** મિસાલના તૌર પર કાઅબતુલ્લાહિલ હરામ એક મકાન છે, ઘર છે, ઈમારત છે જેના મકીન મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) છે. દેવડી મુબારક, તૈયેબી મહેલ જે ૩૩૫ સાલથી બદરી મોહલ્લામાં વાકેઅ છે તેના મકીન ૩૨ માં દાઈયુલ મુત્લક સૈ. ઝિયાઉદ્દીન જીવાભાઈ (ક.રૂ.) છે.

મસ્જિદનું નામ મસ્જિદ શું કામ પડું કે, તે જગા પર નમાઝીઓ સજદો અદા કરે છે. પોતાનો ચહેરો ઝમીન પર મુકીને એક ગુનાહગાર બંદો હોવાનું સરે તસ્લીમ કરીને તૌબા, મગફેરત અને ખુદાતઆલાની હમ્દો સના કરે છે. મસ્જિદ તે પાકીઝા જગા છે જ્યાં એક મખ્સૂસ વક્ત પર બંદાઓ જમાઅ થઈને બંદગીએ રબ્બ અદા કરે છે. આ તમામ કરતા અહમ વાત એ છે કે, મસ્જિદ તે છે કે જે વક્તથી સજદો દેવાનું ફરમાને ઈલાહી થયું તે સાહેબે મસ્જિદ મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી આજ તક ૪૫ માં દાઈયુલ મુત્લક અબુ સઈદિલ ખૈર સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) તક હરએક સાહેબે મીસાક અને સાહેબે નસ્સ જે હકીકતમાં સાહેબે સજદા અને મકીને મસ્જિદ છે, તેઓનું નામ મુબારક લઈને દોઆમાં વસીલા લેવાતા હોય. આ સાથે સાહેબે મસ્જિદ ખિલાફ જે જે ઈબ્લીસો અને શયતાનો મુખ્તલિફ ઝમાનાઓમાં થયા હોય કે જેઓએ સજદો કરવાથી ઈન્કાર કીધો હોય તે તમામ પર ખુદાની લાઅનત બોલાતી હોય.

સાહેબે સજદામાં અને મકીને મસ્જિદમાં દાઅવતે ઈલાહીયહના મરતબાના તમામા સાહેબો, નબી-વસી-ઈમામ-દાઈ હોય યા જેના માથા પર સાયએ રઝા હોય તે તમામ શામિલ છે. **જહાઁ તક રઝાના સાહેબ ન હોય વહાઁ તક સજદએ તાઅઝીમ લાઝિમ નથી**, હરકોઈ સજદા કે ઈતાઅતને લાઈક ન હોય. ફક્ત ખુદાની રઝાથી કાઈમ થયેલા દાઈ અને આપે મુકર્રર કીધેલા દરજાના સાહેબ આ શરફને લાઈક છે. મસ્જિદની ઈમારત તાઅમીર થઈ ચુકી હોય, નમાઝીઓ વાસ્તે હર ઝરૂરીયાત પૂરી થઈ ચુકી હોય, પાનીથી લઈને ફરશ તમામ ચીઝો મસ્જિદમાં હાઝિર હોય, પણ જો સાહેબે મસ્જિદ તે જગાને વકફ ન કરે અને નમાઝની રઝા આપીને તેમાં રૂહ ન ફૂંકે અને દાઈયુલ્લાહના સજદા સાથે મુમેનીન સજદો ન કરે વહાઁ તક તે જગાને મસ્જિદ ન કહી શકાય.

જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપની ઝિંદગીના ૨૩ સાલ નબીના દરજા પર રહ્યા અને મૌલાના અલી (અ.સ.) ૩૩ સાલ તક આપની ખિદમતમાં રહ્યા. હર વક્ત મૌ. અલી નબી સાહેબ સાથે સાયા જેમ રહ્યા. મગર જહાઁ તક
(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**જે શખ્સ એમ ચાહે કે એ બહેતરીન લિબાસ પહેરે તો એને કહો કે પરહેઝગારીનો લિબાસ પહેરે.**

## ૨૭ માં દાઇયુલ મુત્લક
## સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) કિસ્ત-૪

સૈયેદી ખૌજ બિન મલક સાહેબ (રિ.અ.) આપના કિતાબ રિસાલહ બઝરૂલ બદાયહમાં ઝિક્ર કરે છે કે, સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ સાહેબ હર સાલ આપના મૌલા, મુરબ્બી અને મુઅલ્લિમ સૈ. દાઉદજી બિન સૈ. અજબશાહ સાહેબની તારીખે ઈન્તેકાલના મૌકા પર મુમેનીન મુશ્ફેકીનને જમાઅ કરતા, મજલિસ અને ખત્મુલ કુરઆનની બેઠક રાખતા, ઈત્આમુત્તઆમ વાસ્તે મુમેનીનને ઈઝન પૈશ કરતા, આલે મોહંમદના માએદહ પર થાલ પર બેસાડીને ફાતેહા અને નિયાઝનું જમન જમાડતા. મૌલાની ઝિક્રા, યાદ અને ખિદમતની તસ્વીરકશી કરીને મુમેનીનને હક્કની રાહ પર ચાલવાની હર વક્ત નસીહત ફરમાવતા. આપના દિલમાં મૌલા એ મુજબ વસેલા હતા કે, એક દિન પણ ન ગુઝરતો કે આપ મૌલાના એહસાનાતને યાદ ન કરતા હોય.

આપ મૌલા યાઅની સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ સાહેબ જે વક્ત મસ્નદે તૈયેબીના માલિક થયા અને અર્શે દાઅવતના સુલ્તાન થયા તે વક્ત ગુજરાત ભરમાં જે જે જગાઓ પર મુમેનીનની આબાદી હતી ત્યાં આપે આમિલો મુકર્રર કરીને દાઅવતે શરીફહની હુકમો રઝાનો નિઝામ મઝબૂત અને મુસ્તહકમ બનાવો. **મુમેનીનની રૂશ્દો હિદાયત વાસ્તે પૂરેપૂરો સરંજામ કીધો.** અહમદાબાદમાં સૈ. દાઉદજી બિન સૈ. અજબશાહ સાહેબના ઈન્તેકાલ બાદ જે વક્ત પણ આપ મૌલાની સદારતમાં મજલિસે ખત્મુલ કુરઆન મુન્અકિદ થાતી અને આપને પુરસો દેવા, પૈગામે તાઅઝીયત આપવા જગે જગેથી જે જે આમિલો આવતા તેઓને આપ મૌલા ખાસ હિદાયત દેતા, દાઅવતે શરીફહના અકીદાઓને મુમેનીનના દિલોંમાં સાફ રાખવાની તાકીદ કરતા અને દુશ્મનાને દીને હક્કથી આગાહ પણ કરતા.

આપ મૌલાએ આમિલોંને હુકમ કીધો કે, તેઓ પોતાના ગામ જઈને મૌલા મુકદ્દસની ખત્મુલ કુરઆનની મજલિસ બરપા કરે, આપના ફઝાઈલ બયાન કરે, બયઅતે ઈમામુઝ્ઝમાન (અ.સ.) લે અને **આપ મૌલા દોઆતે મુત્લકીનની તસ્બીહના ૨૭ માં દાના છો, ફલકે દાઅવતના ૨૭ માં તારા છો** તેની હકીકતથી મુમેનીનને આશના કરે, આપ મૌલા પર મુકદ્દસ મૌલાએ કઈ તરહ નસ્સે જલી ફરમાવી તેની બારીકાઈથી બયાની કરે, દાઅવતે હક્કના દુશ્મનો ઘણા છે, ઝાહિરી દુશ્મનોં કરતા બાતિની દુશ્મનોંને પહેચાનવા મુશ્કિલ છે, લેહાઝા મુમેનીનની હર હાલતમાં હિફાઝત કરે, દુશ્મનોંના હમ્લાઓથી બચાવે. આપ મૌલાના આ ફરમાને આલી પર તમામ આમિલોંએ તાકીદથી અમલ કીધો જેથી મુમેનીન આપની દાઅવતના દામને રહેમતમાં આબાદ-શાદ થયા.

અહમદાબાદમાં આપ મૌલાએ ઈઝનના રૂત્બા પર યાઅની માઝૂને મુત્લકના મન્સબ પર મીયાઁ કાઝી અમીનશાહ (રિ.અ.) ને કાઈમ કીધા જે સાહેબે આપ મૌલાના ઝમાન પહેલા પણ દાઅવતે અલવીયહની પુરખુલૂસ ખિદમત કીધી. આપ અમીનશાહના મઝારે અન્વર હલવડમાં છે. આપના કુબ્બહને નઝદીક ઘણા બધા દાઅવતના ખિદમતગુઝાર અને સાલેહીન-મુમેનીનની કબરોં છે. આમાં મીયાં નૂર બિન કાઝી (રિ.અ.) અને મૌલાઈ કાઝી બિન મલક (રિ.અ.) ની કબર મશ્હૂર છે. આપ ૨૪ માં દાઈએ મુત્લક સૈ. યુસૂફ નજમુદ્દીન સાહેબ (ક.રૂ.) ના ઝમાનમાં દાઅવતની ખિદમત અને હુદૂદના ઝુમ્રાનો શરફ પાયા. તે બાદ ૨૫ માં દાઈએ મુત્લક સૈ. જલાલ સાહેબ અને ૨૬ માં દાઈએ મુત્લક સૈ. ઈબ્ને અજબશાહ દાઉદે અવ્વલ (ક.રૂ.) ના ઝમાનમાં મુકાસિરૂદ્દાઅવતના રૂત્બા પર ફાઈઝ થયા અને મુમેનીનની તાઅલીમો તરબીયતની ઝિમ્મેદારી આપે ઉઠાવી. તે બાદ આપ ૨૭ માં દાઈએ મુત્લક સૈ. ઈબ્ને કુતુબશાહ દાઉદે સાની (ક.રૂ.) ના ઝમાનમાં ઉપર ઝિક્ર થયા મુજબ માઝૂને મુત્લકના રૂત્બા પર ફાઈઝ થયા. આપ દાઅવતના મરતબા અને તરતીબમાં ૨૮ માં દાઈએ મુત્લક સૈ. શૈખ આદમ સફીયુદ્દીન સાહેબ (ક.રૂ.) કરતા ઉપર હતા, ફૌક હતા. પણ સૈ. દાઉદે સાનીના ૯૯૭ હિ. માં દાઅવતની મસ્નદ પર તશરીફ લાવા બાદ ફક્ત એક જ સાલ પછી આપ સૈ. અમીનશાહ (રિ.અ.) ૨૩ મી શવ્વાલ ૯૯૮ હિ. માં હલવડ મુકામે ઈન્તેકાલ (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**જે શખ્સ ગુનાહથી બચવા માંગતો હોય તો એને કહો કે મૌતને યાદ કરે.**

(પેજ નં. ૯ નું બાકી)
જો તમેં એવી હાલતમાં ગુઝરી જાતા તો તમારી મૌત કુફ્રની હાલતમાં શુમાર થાતી. આબિદ પોતાના અમલ પર પસ્તાવો કરવા લાગા અને ભુલને કુબૂલ કરી લીધી. શયતાનને લાઅનત-મલામત કરવા લાગા અને ફૌરન આલિમની વાતને માનીને આઁખ પર બાંધેલી પટ્ટીને ફેંકી દીધી. પોતાની ખતાને મુઆફ કરાવવા આબિદ **ખુદાતઆલાની બારગાહમાં ૩૦ સાલ તક તૌબા કરતા રહ્યા અને જે ઈબાદત ઝાયેઅ થયેલી તેને "કઝાઅન" વાલતા રહ્યા.** પછી શયતાનનો કોઈ મકર અને ચાલ આબિદને કોઈ જ તરહનું નુકસાન પહોંચાડી શકો નહીં. શયતાન રૂસવા થઈ ગયો અને પોતાના ચેલાઓને કહેવા લાગો કે, "તમેં બધા હલાક થઈ જાવ ! હવે તમારી ઝિંદગી ખતરામાં છે. જો બંદાઓ બદ અમલ કરવાનું છોડી દેશે તો તમેં જીવશો કેમ? તમારી તાકત જ બદ અમલ છે."

"તો તમેં જાવ આ ઝમીનના ચપ્પા-ચપ્પામાં ફેલાઈ જાવ. તમેં કોઈપણ ઝરીઆથી આલિમોને બહેકાવો અને જે આમ જાહિલ લોગો છે તેઓને આલિમોથી દૂર કરો અને તેઓના દિલમાં ઈલ્મ હાસિલ કરવા વાસ્તે કરાહીયત અને ઈન્કાર ભરી દો. અય મારા સાથીદારોં, તમેં જાણો છો કે, આ આલિમો લોગોને હિદાયત આપે છે, ખુદાતઆલાના દીન પર લગાવે છે, બિદઅતોને મિટાવે છે અને અપને જે કઈ ચાલબાઝી કરીએ છીએ તેનાથી બચાવે છે. તમેં ન જોયું કે એક આલિમે તે આબિદને કઈ તરહ કુફ્રથી બચાવો, ગુનાહથી છોડાવો અને અપના ઈરાદાને ખુલ્લો પાડો. તો તમેં સમઝી ચુકા હશો કે, અપના અવ્વલ દરજાના દુશ્મનોં આ આલિમો છે. તમેં તેઓના પાછલ પડી જાવ અને એવો શિકાર કરો કે તેઓનું કોઈ ઈલ્મ કામ ન લાગે. તે વાસ્તે તમને ગીબતની એક નાની વાતનો પણ સહારો લેવો પડે તો લો, જૂઠનો એક હલકો કલામ હોય, હરામનો નાનો સરખો લુકમો હોય યા એક લમહા વાસ્તે બદ નિગાહ હોય, આ તમામને કામે લગાડીને તમેં કઈ પણ કરીને આલિમોને બહેકાવો."

અય મુમેનીન! આજની આ ગરઝ-પરસ્ત અને લાલચી દુનિયામાં લાતાઅદાદ ફિરકાઓ થઈ ગયા છે. તેનો સબબ એ છે કે, નવા-નવા ફિકરો ખયાલ રાખતા આ ફિરકાઓના લોગોએ એવા જાહિલ આલિમોને પોતાના રઈસ માની લીધા છે કે, જેઓ શયતાની ચાલ ચાલે છે અને તેમના પરહૈઝગારીના લિબાસમાં ખુદ શયતાન છુપાયેલો છે. શયતાન એવા શોહરતમંદ અને દૌલતપરસ્ત આલિમોને હઠકંડો બનાવીને મોટી તાઅદાદમાં લોગોને ગુમ્રાહ કરે છે. દીને ઈસ્લામની હકીકતોં પર ચાલનાર ઘણા કમ લોગો છે અને અકસર લોગો શયતાનનો શિકાર બની ચુકા છે. હમેં અલવી મુમેનીન ખુદાતઆલાનું અહેસાન માનીએ છીએ કે, હમને આલિમે અહલુલ બૈત (અ.સ.) તરીકે દોઆતે હક્ક નસીબ થયેલા છે જેઓની ઝિંદા નિશાની હમારા દરમિયાન ૪૫ માં દાઈયુલ્લાહિલ અમીન સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) મૌજૂદ છે કે, જેમની હિદાયતની દોરથી હમેં રાહે હક્ક પર ગામઝન છે અને શયતાનની શયતાનીયતથી હમેં બરી છે. ☆

---

(પેજ નં. ૧૧ નું બાકી)
ફરમાવી ગયા. આપની ખિદમતમાં રાનપૂરના મૌલાઈ હસન બિન દાઈદ (રિ.અ.) અને જામનગરના મૌલાઈ રાજ બિન જાઅફર (રિ.અ.) હાઝિર રહેતા હતા. આપના ઈન્તેકાલથી દાઅવતના ઈલ્મની એક શમઅ બુઝાઈ ગઈ અને આથી આપ મૌલાને ખૂબ સદમો થયો. નિહાયત રંજો ગમ થયો. આપ મૌલાએ સૈ. અમીનશાહની ફિદાગીરી, ઈખ્લાસ, ઈતાઅત, તકવા, હક્કના સાહેબની પૈરવી અને આપ પર પુખ્તા અકીદાના સબબ ખત્મુલ કુરઆનની મજલિસ કીધી અને દીગર હુદૂદને આપના મુજબ ખિદમત બજા લાવવાની રગબત અપાવી. ☆

---

(પેજ નં. ૧૦ નું બાકી)
ખુદાતઆલાની ગદીરે ખુમ્મના મૈદાનમાં હુકમો રઝા ન થઈ વહાઁ તક નબી સાહેબે મૌ. અલીને પોતાના જાઁનશીન અને વસી કાઈમ ન કીધા. મરઝીએ ઈલાહી અને રઝાએ ખુદાવંદી દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના હુકમની શિકલમાં મુમેનીનની ઝિંદગીના હર મરહલામાં લાઝિમ છે, સાહેબે રઝા તે જ મુમેનીન વાસ્તે સાહેબે મસ્જિદ છે.☆

**જે શખ્સને કુફ્રનો ખૌફ હોય તો એને કહો કે નમાઝ પઢે.**

# માદરી ઝબાન

માદરી ઝબાન યાઅની જે ઝબાનને બચપણામાં માઁએ શીખાવી હોય અને જેમાં બચ્ચાએ પોતાની ઝબાનથી પહેલા-પહેલા અલ્ફાઝ બોલા હોય, પોતાને શું જોઈએ છે, શું કરવું છે, તે કેવો છે અને તેની પસંદ-નાપસંદનો ઈઝહાર તૂટાફૂટા જુમ્લાઓમાં કીધો હોય તે માદરી ઝબાનને કોઈ કઈ તરહ ભુલી શકે! પહેલી વક્ત હઁસવું અને પહેલી વક્ત રોવું જે ઝબાને શીખાવું હોય તેની બુનિયાદને કેમ છોડી શકાય! હર કોઈને પોતાની માદરી ઝબાન પર ફખર હોવો જોઈએ. જેઓએ માદરી ઝબાનને છોડી તેઓએ પોતાની વિલાદતની જગાની માટીને છોડી. ઈન્સાન, કૌમ અને કલ્ચર તેની ઝબાન પર દારો-મદાર રાખે છે. તે કૌમના લોગોની શનાખ્ત ખતરામાં પડી જાય છે જેઓ પોતાની ઝબાનને સિવાય વાત કરે છે.

કુરઆને હકીમની ઝબાન અરબી છે, તેથી હર ઈમાનદાર તૌહીદનો કલેમો પઢનાર, ખુદાતઆલાની દાઅવતમાં માનનારની ઝબાન અરબી છે. અલવી મુમેનીનની ખુશકિસ્મતી છે કે, આજે સાહેબે દાઅવતે અલવીયહના હર નસીહતના કલામમાં અરબી છે. અપના હર ઈલ્મ-અમલનો તકીયો અરબી ઝબાન છે. દોઆતે હક્ક (આ.કુ.) એ ઈમાનો ઈસ્લામના હર બાબને પોતાની કિતાબોંમાં અરબીમાં બયાન ફરમાવેલા છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) દાઅવતના હર ફરઝંદને અરબી ઝબાનમાં સબકો આપે છે. આજે અરબી ઝબાનની દિરાસત, પઢાઈ, મુતાલેઓ, કિતાબત અને હર વક્ત લિસાનુદ્દાઅવતમાં તેના અલ્ફાઝનો ઈસ્તેમાલ જારી છે. **અપના હાથમાં જ છે કે કઈ તરહ અપને અપની ઝબાન લિસાનુદ્દાઅવતને ઝિંદા રાખીએ.** તે વાસ્તે મદ્રસએ તૈયેબીયહમાં બચ્ચાઓને લિસાનુદ્દાઅવતની પુખ્તા તાઅલીમ આપવામાં આવે છે. વાલેદૈનને પણ તાકીદથી ઘરમાં બચ્ચાઓને અપની માદરી ઝબાન જ બોલવા પર શૌક અને તવજ્જોહ અપાવવો જોઈએ.

શવ્વાલુલ કરીમમાં સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) મુમેનીન-મુમેનાતના બયઅત વાસ્તે મુંબઈ પધારા હતા. આપના સાથે દાઅવતના ચંદ સાહેબો પણ હતા જેઓએ ૩-૪ અય્યામ તક મુંબઈમાં કિયામ કીધો હતો. તે વક્ત એક જગા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની પધરામણી હતી અને ત્યાં ઝિયાફત વાસ્તે અપના જવાનોં જમાઅ થયા હતા. થાલમાં જે વક્ત બેસા તો ચંદ જવાનો સાથે એક મુલ્લાં સાહેબ પણ થાલમાં શામિલ હતા. જવાનો ગુફતગૂ કરતા હતા, તો કોઈ હિન્દીમાં બોલતું હતું તો કોઈ ઈંગ્લિશમાં જુમ્લા અદા કરતું હતું. આ વાસ્તે દાઅવતના સાહેબોંમાં લંબી ઝિક્ર થઈ કે, જે જવાનોની ઉઠક-બેઠક દાઅવતના ઝુમ્રાના સાહેબો સાથે એક યા બીજા સબબથી હોય છે ત્યાં આ મુજબ ઝબાનની હાલત છે તો પછી જે ઘરોના મુમેનીન લંબા અરસા તક જમાઅતના ફંકશનોમાં આવતા જ નથી તેઓની ઝબાનની શું હાલત હશે! ઘણા ઘરોમાં અપની માદરી ઝબાન લિસાનુદ્દાઅવતને બોલવા અને સમઝવાનો મુહાવેરો ખૂબ કમ છે. અપને પોતાને અલવી તો કહીએ છીએ, પણ શું કોઈ વાર અપને પોતાને એમ સવાલ કીધો કે, અલવી હોવાના નાતાથી શું અપને અપની ઝબાન બરાબર બોલતા, સમઝતા કે લખતા આવડે છે? જે ઝબાનના પાલનામાં અપને પૈદા થયા હોઈએ અને જો અપને તેને લખી-પઢી ન શકીએ તો અપને ખુદને કઈ શનાખ્ત આપીએ તેનો કડવો સવાલ અપના સામે આવીને ઊભો થઈ જાય છે. તમામ જગે હમણા ઈંગ્લિશનો તાવ ચઢેલો છે. આજે બધા જ વાલેદૈન પોતાની ઔલાદને ઈંગ્લિશ મીડીયમમાં તાઅલીમ આપવા માંગે છે. તે ઝમાનાની માંગ છે અને વક્તનો તકાઝો છે. આ ચંગુલથી કોઈ છટકી શક્તું નથી. પણ સાથે-સાથે અપને અપની ઝબાનને પૂરતી અહેમીયત આપીને થોડી ઘણી જમાઅતની શનાખ્તને કાઈમ રાખવા વાસ્તે ખિદમત કરી લઈએ. **અપના બચ્ચાઓને અપની ઝબાનમાં જ ગુફતગૂ કરવાની આદત પાડીને અલવી હોવાનો હક્ક અદા કરી લઈએ.**

આજે કર્રપ્શન-મિલાવટ હર જગા પર છે. ઈમેલ અને મોબાઈલ આવવાના સબબ લોગોની ઝબાન પણ કર્રપ્ત-મિલાવટી થઈ ગઈ છે. ઝબાનની મિલાવટ અને અલ્ફાઝની શોર્ટકટ એટલી હદ તક વધી ગઈ છે કે હવે (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**જે શખ્સ એમ ચાહે કે એ બદકારીથી આઝાદ થઈ જાય તો એને કહો કે પોતાના આઁખ, કાન, ઝબાન અને શરમગાહને કૈદ રાખે.**

## શખ્સીયત

કુરઆને કરીમમાં ખુદાતઆલા ફરમાવે છે કે, લોગોની ઝિંદગીને સઁવારવા અને સુધારવા વાસ્તે, સબક અને ઈબ્રત લેવાને વાસ્તે ખુદાતઆલાએ અંબિયા અને ઔલિયાની હયાત-ઝિંદગીને સાદી, સખ્ત અને સબરથી ભરેલી બનાવેલી છે. ખુદાના વલીઓની સૂરત, સીરત અને શખ્સીયત એવી પૂરનૂર હોય છે કે, લોગો તેની મિસાલ પર પોતાની શખ્સીયતને મુનવ્વર કરી શકે છે. કોઈપણ શખ્સ એના ઈલ્મ, સોહબત, અમલ, તજરૂબા, ખાનદાની શરફ અને સમાજી મકામ મુજબ પોતાની શખ્સીયતને ઘડે છે. પણ જો એના ઝહેનમાં ખુદાના વલીઓની પુર-હિકમત ઝિંદગીની સબકઆમૌઝ તસ્વીર હશે, દીનદારી સાથે અમાનતદારી તેમજ ઈમાનદારી સાથે દોસ્તદારીનો ખયાલ હશે તો ઝરૂર એની શખ્સીયત ખિલી ઉઠશે. મુમિનની શખ્સીયતને ચાર ચાંદ લગાવવા વાસ્તે ચંદ એવા મુદ્દાઓ છે જેના પર નઝર કરવી આ જગા પર મુનાસિબ છે :

૧) તમેં તમારી ઝિંદગી અને વહેવારને બીજાની ઝિંદગી અને વહેવાર સાથે કદી ન સરખાવો. જેમ હર શખ્સની ઝિંદગીનો સફર અલગ જગા પર, અલગ વક્તમાં, અલગ માહૌલમાં શુરૂ થયેલો હોય છે તેમ હર શખ્સની શખ્સીયત પણ અલગ રંગ-ઢંગની હોય છે.

૨) જે ચીઝો તમારા કાબૂમાં નથી જ તો તમેં તેના વાસ્તે બદખ્યાલી ન કરો. જે થાય છે તે થાવા દો કેમકે તમેં તેને રોકવાની તાકત રાખતા નથી. તો તમેં તમારી તાકતને એવી ચીઝમાં લગાવો કે જેના પર તમારો પૂરો કન્ટ્રોલ હોય અને જેના નતીજાની તમેં ખૈરખ્યાલી કરી શકો.

૩) તમેં કોઈપણ કામ વાસ્તે હદ બાંધો. કામને વધારે પડતું કરવું યા તેમાં બેકારની મહેનત કરવી કામને નુકસાન કરી શકે છે. જેમ હર મેદાનની બાઉન્ડ્રી હોય છે, ફેન્સીંગ હોય છે, તેમ મેદાને અમલની પણ લીમિટ હોવી ઝરૂરી છે.

૪) કોઈ કામમાં તમને કામિયાબી ન મિલે તો તે વાસ્તે વધારે ફિકર ન કરો. ઝિંદગી કઈ પૂરી નથી થઈ ગઈ. મૌકાઓ આવવાના બાકી છે. તમારા સિવાય બીજાઓ છે જે તમારા અધુરા કામને પૂરા કરી શકે છે.

૫) તમેં તમારા કીમતી વક્તને ફિઝૂલની વાતોંમાં, તારી-મારી કરવામાં ઝાયેઅ ન કરો.

૬) ખ્વાબ જોવામાં કઈ જ બુરાઈ નથી. તમેં જાગતા હોવ અને ખ્વાબ જોવ તો તે ખ્વાબ તમને તેને હકીકતમાં બદલવા વાસ્તે ખેંચશે.

૭) કોઈના પર હસદ કરવો તે શખ્સીયતની મોટામાં મોટી ખામી છે. તમારા પાસે જે છે તે બીજા પાસે નથી. તમારા પાસે જે છે તે તમારા વાસ્તે કીમતીમાં કીમતી છે. તમને જે જોઈએ છે તે ચીઝ ઓછી-વધતી તમને મિલી જ જાય છે તો પછી હસદ કરીને ખૂનને બાલવું કઈ અકલમંદી નથી.

૮) જે કઈ ગુઝરી ગયું છે તેને ભુલી જાવ. ગયા વક્તની ખતાઓને યાદ કરીને ખુદને અને તમારા સોહબતીઓને ગમગીન ન કરો. ગુઝરી ગયેલા વક્તના દુઃખને યાદ કરીને હમણાના વક્તની ખુશીને ન બિગાડો. પણ તમેં તે ચોક્કસ યાદ રાખો કે, જે ભુલો પાછલ થયેલી છે તે પાછી ન થાવી જોઈએ.

૯) ખુદાતઆલાએ તમને ખૂબ મુખ્તસર ઝિંદગી બખ્શેલી છે. દુનિયામાં થોડા જ અય્યામના તમેં મહેમાન હોવ અને તેમાં પણ ચાહત-મોહબ્બતનો વક્ત તંગ પડતો હોય તો તમેં કોઈના સાથે નફરત કરવાનું અને દુશ્મનીના ખેલ ખેલવાનું કઈ તરહ વિચારી શકો.

૧૦) તમારા વીતેલા વક્ત પર તમેં સુકૂન રાખો અને એની ખૂબસૂરત પલોંને યાદ રાખો તો તમેં જે હાલમાં જીવી રહ્યા છો તેને દિલી ફરહત સાથે ઈન્સાફ આપી શકશો.

૧૧) તમેં પોતેજ તમારી ઝાતને ગમમાં ગરક કરી શકો છો યા કે ખુશીના પર આપીને ઉડાન આપી શકો છો. તમારી ઝાત પર તમેં પૂરો કાબૂ રાખો.

૧૨) તમેં તે ઝરૂર સમઝી લો કે ઝિંદગી એક સ્કૂલ મુજબ છે, તેમાં તમેં કોઈ ચીઝ શીખવા આવેલા છો. તકલીફ-પ્રોબલેમ તો દુનિયાની તાઅલીમનો અતૂટ હિસ્સો છે. તકલીફ હર વક્ત તકલીફ નથી. તેને હલ કરવાની તાકત તમને ઝિંદગીની ઈમ્તેહાનમાં કામિયાબ બનાવે છે. સ્કૂલમાં જેમ ક્લાસો બદલાય છે તેમ ઝિંદગીમાં રોઝ નવી-નવી તકલીફો પૈદા થાય છે. આ તકલીફોને દૂર કરવાની આદત અને આવડત તમારી શખ્સીયતને ઉભારે છે.

૧૩) ખુશીમાં ખુશ રહેવું તે બધાને આવડતું હોય છે, પણ ગમગીનીમાં ખુશીનો ઈઝહાર કરવો તે અઘરૂં કામ છે. મુસ્કુરાહટ હઝાર ગમની ચાવી છે.

૧૪) તમેં હર કોઈને જીતી શકતા નથી તો તમેં હારીને બીજાને જીતવાની કોશિશ કરો. ☆

**જે શખ્સને એમ હોય કે એને મુશ્કિલ ન અડે તો એને કહો કે " યા અલી મદદ " ની વિર્દ કરે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો – કિસ્ત -૧૩

### ભલાઈ કરવી અને તેનો હુકમ કરવો

ભલાઈને અરબી ઝબાનમાં "બિર્ર" કહેવાય છે અને જે લોગો ભલાઈના કામોંને પોતાની ઝિંદગીનો મકસદ બનાવે તેમને "અબ્રાર" કહેવાય છે. કુરઆને કરીમમાં "અબ્રાર" વાસ્તે આયતે શરીફહ આવેલી છે કે, "**ઈન્નલ અબ્રારા લફી નઈમીન**", યાઅની, ઝરૂર ભલા લોગો જન્નતની નેઅમતોંમાં ગશ્ત કરશે, જન્નતી ઝરોખાઓ એ લોગો વાસ્તે મુકર્રર હશે. શું શાન હશે અબ્રાર લોગોની કે, જે વક્ત ફુજ્જાર-બદકાર લોગો હસદ કરીને કહેશે કે, કાશ! હમને આ દરજો હાસિલ થાતો.

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) સૈયેદુલ અબ્રાર છે, યાઅની કે ભલાઈ કરનાર તમામ લોગોના સરદાર. તો પછી સાબિત એમ થાય છે કે, જો ભલાઈ ભલું કરનારાઓથી બાકી રહેતી હોય તો ભલું કરનારાઓ તેઓના સરદારથી જ બાકી રહે ને. મૌલાના અલીની ઝિક્રના સબબ જ આજે ભલાઈ દુનિયામાં બાકી છે અને આપ તેનો સરચશ્મો છો. આપ મૌલાના દમથી જો ભલાઈની સાઁસો ચાલતી હોય તો આપના શાહઝાદા મૌ. ઈમામ હસન (અ.સ.) અને મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની ભલાઈની શું કૈફીયત હશે! આપ મૌલાએ ભાલાઈનો કોઈ દકીકો કે દરસ બાકી રાખ્યો નથી કે, આપે આપના શાહઝાદાને ન શીખવો હોય. ઈમામૈન સિબ્તૈન મુેમનીન વાસ્તે ભલાઈની રાહમાં શહાદતની એવી મિસાલ કાઈમ કરી ગયા છે કે, કેયામત તક આ ઝમીનની પીઠ પર તે મિલવી નામુમ્કિન છે.

આપ મૌલા ફરમાવતા કે, "અય મારા ફરઝંદો! સહેલાઈ હોય કે મુશ્કેલી-બેવે હાલતમાં તમેં ખુદાતઆલાની ખુશીને તાબેઅ રહેજો. તમને દુનિયામાં બ-ઝાહિર બુરાઈ નઝર આવે પણ તેની પાછલ જન્નતની ખુશખબરી હોય તો તે બુરાઈ નથી. જે ચીઝ બ-ઝાહિર ભલાઈ નઝર આવે પણ તેની પાછલ જહન્નમના અઝાબનો ખૌફ હોય તો પછી તે ભલાઈ રહેતી નથી. **જન્નતના સિવાયની હરએક નેઅમત પસ્ત અને હલકી છે અને જહન્નમ સિવાયની હરએક બલા આફીયત છે.**" ✫

**નોંધ : આને વાંચા બાદ હિકાયતના મઝમૂનને વાંચવો.**

---

(પેજ નં. ૧૩ નું બાકી)

લોગો અસલી ઝબાનને ભુલી ગયા છે. વોટસએપની આદતને એવી તો ખરાબી ફેલાવેલી છે કે, સ્ટૂડન્ટસ સ્કૂલ-કોલેજની ઈમ્તેહાનમાં પેપર લખે છે તો શોર્ટ સ્પેલીંગ અને મિક્સ ઝબાનમાં જવાબો લખે છે. મોબાઈલ કે ઈન્ટરનેટના ઈસ્તેમાલ પર રોક લગાવવું હવે નામુમ્કિન છે. તો પછી અપને કોશિશ એ કરવી જોઈએ કે, ભલે મોડર્ન ઝમાનાની બધી જ ઈલેક્ટ્રોનીક ચીઝો અપને વાપરીએ પણ અપની ઝબાન તેનો ભોગ ન બને તેની તકેદારી રાખવી હર અલવી મરદ-બૈરો પર વાજિબ છે. ઝબાનની હિફાઝત થાશે તો જમાઅતની હિફાઝત થાશે.

❋ બચપણામાં બચ્ચાને તાઅલીમો તરબીયત માદરી ઝબાનમાં જ કેમ આપવી તેના સબબ નીચે મુજબ છે :

૧) બચ્ચાનું લાલન-પાલન જે ઝબાનમાં થાય છે, તે જ ઝબાન તે આસાનીથી શીખે છે, સમઝે છે અને એમાં જ સહજતાથી તે પોતાના ખયાલનો ઈઝહાર ઉમ્દા રીતે કરે છે.

૨) ઝબાન અપને ઘર, સમાજ, મુલ્ક અને વકત સાથે જોડે છે. જેમને માદરી ઝબાનમાં તરબીયત નથી મિલતી તેઓ પોતાના વુજૂદના હર પહેલૂથી ગાફિલ, જાહિલ અને અનજાણ રહે છે.

૩) માદરી ઝબાનમાં હાસિલ થયેલા ઝિંદગીના સબક અને અખ્લાકના પાયા પર બચ્ચાની શખ્સીયતની બહેતરીન તરક્કી થાય છે. માદરી ઝબાનમાં તાઅલીમ નહીં લેનારાઓ પોતાની અસ્લીયત, બુનિયાદ અને જડને તલાશ કરી શકતા નથી અને પોતાના જ લોગોમાં ગૈર અને પરાયો બની જાય છે.

૪) ઝબાન ફક્ત પરસ્પર ગુફતગૂ કરવાનું સાધન છે, એમ વિચારવું મુનાસિબ નથી. હકીકતમાં ઝબાન અપના વિચારોને લિબાસ પહેરાવે છે, ખૂબસૂરત બનાવે છે. વિચારોની પીંછીંથી અને અમલના રંગોથી અખ્લાક

(બકીયાહ પેજ નં. ૮ પર)

**જે શખ્સને હોય કે એ ઝિક્રે આખેરતથી ગાફિલ ન રહે તો એને કહો કે કબરોંની ઝિયારત કરે.**

## અલ-મૌલા અલ-મુકદ્દસ (આ.કુ.) ફરમાવે છે કે,

✳ મુમેનીન! તમેં બલા, આફત અને મુસીબતને દૂર કરવા અલ્લાહની બારગાહમાં ફરઝ અદા કીધા બાદ દોઆ કરજો અને ઉમ્ર-દરાઝી વાસ્તે સદકો કરજો.

✳ મુમેનીન! મારા પહેલા યમનમાં ૨૪ દોઆત અને હિન્દુસ્તાનમાં ૧૯ દોઆત આ દાઅવતુલ હક્કની ખિદમત કરી ગયા છે. હું હિન્દુસ્તાનનો ૨૦ મો દાઈ છું અને ૪૪ માં દાઈએ મુત્લક તરીકે આ હક્કની મસ્નદ પર નસ્સે જલી બિલ ખફીથી કાઈમ થયેલો છું.

✳ મુમેનીન! મારા માથા પર ઈમામુઝઝમાન (અ.સ.) નો સાયો છે, મારા મૌલાની તાઈદથી મારી ઝબાન બોલી રહી છે. આના બગૈર મારામાં તાકત કે કુદરત નથી કે હું એક લફઝ પણ બોલી શકું.

✳ મુમેનીન! તમેં સાંભલો છો કે કોઈ ઈન્તેકાલ કરે તો તેની જનાઝાની નમાઝ વાસ્તે મુનાદી ફિરે છે. હમને પણ એ જ મંઝિલ પર જાવાનું છે. કાલે હમારા નામથી મુનાદી નિદા કરશે કે ફલાઁ ભાઈ ગુઝરી ગયા છે અને ફલાઁ વક્ત પર જનાઝાની નમાઝ અદા થાશે. તો તમેં મૌત વાસ્તે તૈયાર રહેજો.

✳ મુમેનીન! તમેં શુક્ર કરતા રહો. અલ્લાહતઆલાએ શુક્ર કરનાર મુમેનીન પર સલામ પઢેલો છે. શુક્ર કરશો તો અલ્લાહ નેઅમતોંમાં ખૂબ વધારો કરશે. ✫

**અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની ફુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૭ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુકેનીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખાસ ફરમાવે છે.**

## ચાલીસ દિન

બેલહદ થે સરવરે દુનિયાઓ દીં ચાલીસ દિન,
થા સરે અર્શે ખુદા ફરશે ઝમીં ચાલીસ દિન.
સાકિનાને કરબલા કો મક્તલે શબ્બીર સે,
નાલએ ઝહરા કી આતી થી સદા ચાલીસ દિન.
દશ્ત મેં કિસને દિયા ગુરબત કે મારોં કો કફન,
જિસ્મ પર થી ચાદરે ખાકે શિફા ચાલીસ દિન.
શામીઓ ને નૂરે ઐને મુસ્તફા કી લાશ પર,
એક ચિરાગ આ કર ન મક્તલ મેં રખા ચાલીસ દિન.
અરબઈં તક ધૂપ મેં જલતી રહી લાશે હુસૈન,
કિસને દેખે હૈં યે ઝુલ્મે નારવાં ચાલીસ દિન.
કરબલા મેં મૈયેતે શેહ કે મુજાવિર થે રસૂલ,
ઔર ખાલી થા મઝારે મુસ્તફા ચાલીસ દિન.
કિસ તરહ રોયે ન આબિદ બાપ કો તૈતીસ સાલ,
બેકફન થા દિલબરે ખૈરૂન્નિસા ચાલીસ દિન.
શૌકતે મગમૂમ રૂખ્સત કર શહે મઝલૂમ કો,
રેહ ચુકે મહેમાન શાહે કરબલા ચાલીસ દિન. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★